# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૨૨-૧૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મતદાન જાગૃતિ અભિયાન (SVEEP) અંતર્ગત મેરોથોન દોડમાં ઉપસ્થિત રહેવા બાબત.

સંદર્ભ :- નોડલ અધિકારી અને ડીઈઓ અમદાવાદની તા.૧૮-૧૧-૨૦૨૨ની મીટીંગમાં મળેલ સૂચના

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ડિસેમ્બર-૨૦૨૨માં યોજાનાર છે. જેમાં તા.૫ ડીસેમ્બરના રોજ અમદાવાદ શહેરમાં મતદાન યોજાનાર છે. વિધાનસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન મતદાન થાય અને સમાજના દરેક વર્ગો તેમના હકકનો અચૂક રીતે ઉપયોગ કરે અને નૈતિક મતદાનને સતત પ્રોત્સાહન મળે તે માટે એક મેગા મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મેરેથોન દોડનો રૂટ :<br>વલ્લભ સદન(આશ્રમ રોડ)-રિવર ફ્રંટ- ટાઈમ્સ ઓફ ઈન્ડીયા- વલ્લભસદન.... પરત | તારીખ : ૨૭-૧૧-૨૦૨૨ રવિવાર<br>સમય : સવારે ૦૭-૩૦ કલાકે<br>સ્થળ : વલ્લભસદન(આશ્રમ રોડ) |

સદર મેરેથોન દોડમાં તમારી શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓએ ભાગ લેવાનો હોવાથી ‘વલ્લભ સદન(આશ્રમ રોડ)’ ખાતે સવારે ૭-૦૦ કલાકે પહેલા પહોંચવું તેમજ ભાગ લેનાર તમામે સફેદ (White) ટી-શર્ટ / ટ્રેક શૂટ પહેરવું ઈચ્છનીય છે. સમયસર સ્થળ પર હાજર થઈ મુખ્ય શિક્ષકશ્રીએ જે-તે ઝોનના બીટ સુપરવાઈઝર અથવા મદદનીશ શાસનાધિકારીને હાજર કર્મચારીઓની વિગત આપવાની રહેશે.

તા.૨૨-૧૧-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી